# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,

જિલ્લા સેવા સદન-૧, સિવિલ લાઈન્સ રોડ,ગોધરા-૩૮૯૦૦૧,જિ.પંચમહાલ
ફોન : ૦૨૬૭૨-૨૪૧૧૨૨/૨૪૨૯૪૧/૨૪૧૫૮૪/૨૪૨૮૦૦
ફેક્સ : ૦૨૬૭૨-૨૪૨૮૯૯
E-mail : collector-pan@gujarat.gov.in

सत्यमेव जयते

નંબર/વીપીજમન/વશી/૧૨૭૨ /૨૦૧૭ તા.૨૦/૧૦/૨૦૧૭

પ્રતિ,
ચીફ ઓફીસરશ્રી,
નગરપાલિકા ગોધરા

વિષય :- નગરપાલિકા ગોધરામાંથી નગર નિયોજકશ્રી દ્વારા બાંધકામ અંગે માંગેલ પરમીશનમાં ખોટી માંગણી બાબત.

સંદર્ભ :- (૧) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,ગોધરાના પત્ર નં.એસ.સી./વશી-૫૧૩/અભિપ્રાય/૨૦૧૭ તા.૨૬/૦૯/૨૦૧૭
(૨) આપની કચેરીના પત્ર ક્રમાંક: જાવક સર્વે નં./૩૩૮ તા.૨૯/૦૯/૨૦૧૭

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, અરજદારશ્રી રોહિતકુમાર સુંદરલાલ લુહાણા રહે.બામરોલી રોડ, ગોધરા જિ.પંચમહાલ ધ્વારા આપની કચેરીએ બાંધકામ માટે માંગેલ પરમીશનમાં નગર નિયોજકશ્રી, પંચમહાલ ગોધરા ધ્વારા ખોટી રીતે દસ્તાવેજોની માંગણી કરતા હોવાની રજુઆત અત્રે કરેલ છે. જે અન્વયે સંદર્ભ પત્ર-(૧)થી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, પંચમહાલ ગોધરા ધ્વારા પ્રોપર્ટીકાર્ડ અને માંપણીશીટની ખાત્રી કરતા કોઈ વાંધો, તકરાર કે કોર્ટ મેટર કે મનાઈ હુકમ ન હોવાથી પરમીશન આપવામાં વાંધા-હરકત સરખુ નથી, તેઓ સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જયારે આપના ધ્વારા સંદર્ભ પત્ર-(૨) થી સામાન્યત: આ પ્રકારની પરવાનગી ભૂતકાળમાં આપેલ છે, ગોધરા શહેરમાં ૧૯૮૮ થી વિકાસ યોજના (ડીપી) અમલમાં છે, વિકાસ યોજના અન્વયેના બાંધકામ નિયમો અને જીડીસીઆર મુજબ બાંધકામ પરવાનગી આપવામાં આવતી હોવાનું જણાવી પ્રસ્તુત કિસ્સામાં બાંધકામની પરવાનગી આપવાના સંદર્ભે હકારાત્મક અભિપ્રાય આપેલ છે. જે નિગાહે લેતાં ફકત આ કિસ્સામાં રજુ થયેલ અભિપ્રાયોને ધ્યાને લઈ અધિકાર પરત્વે પરવાનગી આપવાની કાર્યવાહી કરી અરજદારશ્રીને જાણ કરવી. મજકુર કિસ્સામાં પાઠવેલ આ બાબતને પૂર્વ દ્રષ્ટાંત તરીકે ગણી શકાશે નહિ કે અન્ય કિસ્સામાં લાગુ પાડી શકાશે નહિ, કેમ કે દરેક કિસ્સામાં ગુણદોષ અલગ અલગ હોય છે. જેની ખાસ નોંધ લેવા પણ આથી આપશ્રીને જણાવવામાં આવે છે.

કલેકટર પંચમહાલ
ગોધરા

Scanned by CamScanner